જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૧/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૫૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૦૧ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ,૦૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫ બીયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૫૫૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૫૬/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ (૧) મનીષભાઈ પરસોત્તમભાઈ સાવલીયા (ઉ.વ.૩૮) (રહે.લક્ષ્મીનારાયણ સોસાયટી, કાવ્યા રેસીડેન્સી પાસે, ઠક્કરબાપાનગર રોડ, નવા નરોડા) એ તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ થી ૩/૪૫ સુધીના સમયગાળા દરમ્યાન અજાણીએ વ્યક્તિએ મનીષભાઈ સાવલીયાની nilkanthpay કંપનીના સર્વરની સી પેનલ હેક કરી API.Kiaraservices.in ના આઈ.ડી.પાસવર્ડ સર્વર ઉપરથી મેળવી લઈ મનીષભાઈ નાઓની nilkanthpay કંપનીના API.Kiaraservices.in વોલેટમાંથી કુલ રૂપિયા ૪૩,૫૭,૪૪૯/– ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.વી.બરવાળીયા ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૨) મીનાબહેન વા/ઓ નિલેશકુમાર મોદી (ઉ.વ.૫૪)(રહે. સુયોગ બંગ્લોઝ, ઔડા ગાર્ડન, પ્રહલાદનગર) એ તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૨૬ થી તા.૨૭/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ ફોન નંબર 9369189059 થી Jio Alert: SPAM Alert E-Challan INR.1000 Generated pay now: https://view-challan.ddns.net/870155/ તથા મોબાઈલ નંબર 7018327236 ઉપરથી Traffic Violation by Your vehicle Have Been Found Verify and Photographic Evidence click here https://mparivahan-gov.org/148411/ તથા મોબાઈલ નંબર 7077865406 ઉપરથી ovrdue h. Imitly only pay karein warna case Virtual Court ko forward hoga: e-chailan.fun મોકલનાર તથા કોલ ફોરવર્ડ કરનાર મોબાઈલ નંબર 9845034422 અને 9274426817 તેમજ અલગ–અલગ બેંક ખાતાઓના ધારકોએ ભેગામળી BHIM SBI PAY, CRED અને Google Pay જેવી યુપીઆઈ એપ્લીકેશનમાં લોગ ઈન કરીને મીનાબહેનના બેંક ખાતામાંથી અલગ–અલગ બેંક ખાતાઓમાં કુલ રૂપિયા ૧૧,૯૪,૮૩૯/– ટ્રાન્સફર કરી લઈ મીનાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.પી.ઠાકોર ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૩) રાણીપ વિસ્તારમાં રહેતા ૨૯ વર્ષના યુવાન એ તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૧૦/૨૦૨૬ ના રોજ યુવાનના મોબાઇલ ફોન ઉપર ટેક્સ્ટ મેસેજ (SMS) મારફતે અજાણી વ્યક્તિએ ખોટી ઓળખ ધારણ કરી "love chat.apk" નામની APK ફાઇલ મોકલી તેના દ્વારા યુવાનના મોબાઇલ ફોનનો એક્સેસ મેળવી લઇ, તેમના બેંક ખાતા તથા પાસવર્ડની માહિતી મેળવી લઇ, યુવાનના IDFC FIRST Bank ખાતામાંથી કુલ રૂપિયા ૯,૪૮,૪૯૩/- અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

મેઘાણીનગરઃ રાજેન્દ્રસિંહ મુકુંદસિંહ રાઠોડ (ઉ.વ.૪૦) (રહે. પુષ્પાનગર લીમડા બસ સ્ટેન્ડ, ભાર્ગવ રોડ, મેઘાણીનગર) એ તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૧/૨૦૨૬ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ રાજેન્દ્રસિંહ રાઠોડના મોબાઈલ ફોનનો એક્સેસ મેળવી લઈ તેમના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૪૯,૮૦૦/- ટ્રાન્સફર કરી લઇ રાજેન્દ્રસિંહ રાઠોડ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.કે.દેસાઈ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૫૫૭/૨૦૨૬**

વટવા જીઆઈડીસીઃ વૈભવભાઇ નરેશભાઇ વર્મા (ઉ.વ.૩૮)(રહે.પાર્થ બંગ્લોઝ ડોડીયાવાડીની બાજુમા, અન્નપુર્ણા હોટલ પાછળ જશોદાનગર જીઆઈડીસી વટવા) એ તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૦/૨૦૨૬ થી તા.૦૧/૧૧/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, ટી.વી. અને પરચુરણ સામાન મળી કુલ કિમત રૂપિયા ૧,૩૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ- **સમાચાર યાદી નં.૧૫૫૮/૨૦૨૬**

પાલડીઃ ઉષાબહેન વા/ઓ અજીતભાઇ ગાંધી (ઉ.વ.૭૭)(રહે. મણીભદ્ર બંગ્લોઝ જૈન મરચન્ટ સોસાયટી પાલડી) એ તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૬ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે શ્રી મરચન્ટ સોસાયટી જૈન સંઘ જિનાલય સામે આવેલ ગલીમાં એકટીવા ઉપર આવેલ એક પુરૂષ ઉષાબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.વાળા ચલાવે છે.

ઉંચાઇથી નીચે પડી જતાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૫૫૯/૨૦૨૬**

રામોલઃ તા.૦૨/૧૧/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા વસ્ત્રાલ રિલાયન્સ પેટ્રોલપંપ પાછળ નવી બનતી બિલ્ડીંગ "શ્રીમદ એલિગન્સ" બ્લોક "બી" ના ત્રીજા માળે રહેતા વિકેશ અમરાભાઇ ગમેતી (ગામેતી) (મૂળ વતન. ગામ-બોરકા પાણી, તલૈયા ખાના, બીછીવાળા, જી-ડુંગરપુર રાજસ્થાન) નાઓનો ૦૩ વર્ષનો પુત્ર "શ્રીમદ એલિગન્સ" સાઇટના "બી" બ્લોકના બીજા માળેથી રમતા રમતા નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેને અમદુપુરા ચામુંડાબ્રીજ "જી.સી.એસ. હોસ્પીટલ ખાતે દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૧૧/૨૦૨૬ બપોરના ૨/૧૫ વાગે તેનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જેરામભાઇ વાલજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી